સર્ગ ૧

# ભુવનોની સીડી

અશ્વપતિ એકલો ચાલ્યો. આસપાસ આવેલી અનંતતા અને ઉપર આવેલું અજ્ઞેય એને અવલોકતું હતું. મર્ત્ય દૃષ્ટિને ન દેખાતું સર્વ ત્યાંથી જોઈ શકાતું હતું, મનને નહિ જણાયેલું સર્વ જાણી શકાતું હતું, મર્ત્ય સંકલ્પ જેનું સાહસ કરી શકતો ન 'તો તે સર્વ સાધી શકાતું હતું. પાર વગરની શાંતિમાં ત્યાં પાર વગરનું સંચલન ભર્યું હતું. વસ્તુમાત્રની અગાધ એકતામાં અજ્ઞાતનું જગત આવિર્ભાવ પામ્યું હતું.

એ હતી સ્વયંભૂ સૃષ્ટિ. ન 'તો એને અંત કે ન 'તો એને વિરામ. ત્યાં હતા કોટિક મનોભાવો, કોટિક બળો, સત્યકલ્પનાની સૃષ્ટિઓ, વિચારકલ્પોની રંગ રંગ લીલાઓ, સનાતનના આવેગો, નિત્યના શબ્દો, સાર્થક કર્મો, અભિવ્યંજક વાક્યોની તરંગાવલીઓ. શાશ્વતસ્વરૂપ પોતાની વિશ્વલીલાનું કાર્ય નિ:સ્પંદ ભાવે વિલોકતો હતો. અહીં થતા સઘળા અનુભવો એકસ્વરૂપનો આવિર્ભાવ કરતા હતા.

રાજા અશ્વપતિ આ અનંતતા સાથે આત્માએ એકસ્વરૂપ બની ગયો હતો. એક જ દૃષ્ટિથી એ સમસ્તને જોઈ શકતો 'તો. સર્વની સાથે પોતાના સત્ત્વની સગાઈ અનુભવતો 'તો. પરમોચ્ચ ચૈતન્યમાં પ્રકટેલી મૂર્ત્તિઓ અજન્માને રૂપબદ્ધ બનાવતી હતી. મૂર્ત્તિમંત અધ્યાત્મ વિચારોના જેવાં વિશ્વાત્માનાં શિલ્પિત સ્વરૂપો એને દૃષ્ટિદાન દેતાં હતાં, અનિર્વચનીયની ગતિઓને આકારિત બનાવતાં હતાં, પારમાત્મિક સત્યતાનાં પ્રતીકો જીવંત બનીને સહચાર આપતાં હતાં. રાજાની આસપાસ અખંડ જાગ્રત રહેતા મનનાં અક્ષય દર્શનો આલેખાયેલાં હતાં. પ્રાણના પ્રદેશના સહસ્રો સ્વરો સંદેશાઓ લાવતા હતા. પૃથ્વી પર આવતા સ્વર્ગના સંકેતો, ઘોર નારકીય કલ્પનાઓ પોતપોતાને સ્થાને સંસ્થિત હતાં, ને તેઓ પોતપોતાની સુંદર યા તો અસુંદર ને ભયંકર પરાકાષ્ઠાઓ પ્રકટ કરતાં હતાં. વિચાર ને દૃષ્ટિને માટે દુર્ગમ એવી નિગૂઢ, વિરલ ને દૂરની અદ્ભુત વસ્તુઓ હૃદયને સ્પર્શગમ્ય બનતી 'તી, અધ્યાત્મ સંવેદનથી અનુભવાતી 'તી.

આ બધું જ હવે રાજાના આત્મસ્વરૂપના નવા અંશો બની ગયું; એના આત્માની સ્વાભાવિક પરિસ્થિતિનું સ્થાન હવે એમણે લીધું. રાજાનું હૃદય હરખનાં સાહસો કરતાં થાકતું ન 'તું, આત્મસુખનાં એનાં રાજ્યો અંતહીન બની ગયાં હતાં. એક સ્વરમેળના તારો પર અસંખ્ય સૂર પુરાતા હતા. પ્રત્યેક સૂરમાંથી એક અણદીઠી પૂર્ણતાનું સંગીત આવતું હતું. અદ્વિતીય કેવલૈકસ્વરૂપે જે જે કલ્પ્યું હતું

તે સર્વ ત્યાં આવી મળ્યું. કાળમાં પ્રભુની ક્ષણોની એ પુનરાવૃત્તિ કરતું હતું. રાગાવેશ પ્રકટ કરતું ભેદભાવનું સમૃદ્ધ સૌન્દર્ય દર્શનગમ્ય બન્યું હતું. એકમાત્ર અકાળ શબ્દ ત્યાં નહોતો, વિચારોનો વિચાર નહોતો, અસમ સર્વને સમ સર્વની સાથે સમતોલ બનાવનાર આત્માના પરિપૂર્ણ યોગનો પૂર્ણાંક ત્યાં નહોતો, સંજ્ઞાઓને સમજાવનારી એકમાત્ર સંજ્ઞા ત્યાં નહોતી, કેવલસ્વરૂપ પરમાત્મા માટેની સંપૂર્ણ સૂચિ ત્યાં નહોતી.

રાજાએ ત્યાં ભુવનોનો મહારાશિ જોયો. પોતાની જ આંતરિકતાથી એ અન્ય સર્વથી અળગો પડી જતો હતો. દેવોના પાર્વત રથના જેવો એ રહસ્યમય આકાશ નીચે નિશ્ચલ ઊભો હતો. છેક જડ દ્રવ્યની અદૃશ્ય બેસણીથી આરંભી એવા જ અદૃશ્ય શિખર પર્યંત એ આરોહતો હતો, જાણે કે ભુવનોના કંડારેલા સાગરો ઊર્ધ્વની અમિત બૃહત્તાઓ પ્રત્યે આરોહતા ન હોય. સેંકડો સ્તરો એને ઊર્ધ્વે ઉઠાવતા હતા. આમ ચઢતો ચઢતો એ ભુવનોનો અંબાર સચેત વિરાટમાં અદૃશ્ય થઈ જતો હતો. અભીપ્સુ આત્માએ ઊભા કરેલા સ્વર્ગલોક પર્યંત પહોંચતા કો મહામંદિર જેવો એ ભવ્ય લાગતો હતો.

ભુવનોની આ પરંપરા પડદા પાછળ આવેલી શાશ્વતતાઓ સાથે પૃથ્વીને સંલગ્ન બનાવે છે. એ છે સુવિરાટનો સારસંગ્રહ. આત્માને એ ધ્યેય-ધામે લઈ જાય છે. આપણા સ્વરૂપની અનેક ભૂમિકાઓનો એ સંક્ષેપ છે, આપણા સ્વરૂપના ગૂઢ વાતાવરણમાં એ સમસ્ત વિશ્વનો એક સૂક્ષ્મ નમૂનો છે. એ છે અંદર, એ છે બહાર, એ છે ઉપર ને એ છે નીચેય. બહારની પ્રકૃતિ ઉપર એનું કાર્ય ચાલે છે અને એને પરિણામે આપણું જડદ્રવ્ય વિચારતું, સંવેદતું અને હર્ષાદિ પ્રત્યે પ્રતિકાર્ય કરતું બને છે. એ આપણા દિવ્યતર અંશોને આદર્શાનુરૂપ ઘડે છે, મનને ઉચ્ચતર અંબરે ઊંચકી જાય છે, જડ જીવનને પારપારની વસ્તુઓ માટે ઝંખના કરતું બનાવે છે, શરીરની મર્ત્યતાને અમૃતના સાદ સાથે સંબંધમાં આણે છે.

નીચે છે અચિત્‌ની મહામૂર્છા. તેમાંથી પરમોચ્ચ પ્રકાશ પ્રત્યે લઈ જવાનું કાર્ય આ ભુવનોનું કાર્ય છે. પૃથ્વીની ભીતરમાં એ ન હોત તો વિચાર જાગી શક્યો હોત નહીં, જીવનના આનંદને પ્રત્યુત્તર મળ્યો હોત નહીં. આ સોનેરી અધિકતાને કારણે પૃથ્વીએ સવિચાર માનવને જન્મ આપ્યો છે, અને એથીયે જે અધિક છે તેને યે જન્મ આપશે. આ ભુવનશ્રેણી આપણા આરોહણ કરતા ભાગ્યનિર્માણની ચાવી છે. જડદ્રવ્યના આવાસમાં ઊછરેલા સચેત આત્માને એ મૃત્યુમાંથી બહાર નીકળી જવાનું આહ્‌વાન આપે છે.

આ સચેત ભુવનશ્રેણીએ, એના પ્રભાવોએ અને અદૃશ્યના દેવતાઓએ આપણા આંતરિક જીવનના ક્રમિક ધીરા આરોહણની માત્રાઓ નક્કી કરી છે. આ સોપાનપરંપરા દ્વારા જન્મના સાહસ માટે નીચે ઊતરેલો આત્મા પગથિયે પગથિયે પાછો ઉપર ચઢે છે, પ્રકૃતિ પોતાના દિવ્ય સ્વરૂપ પ્રત્યે આરોહે છે. આપણું

જીવન પરમાત્માના પરમ બલિદાનરૂપ છે. જગદંબાએ જાતને આહુતિરૂપે હોમી પોતાના ચિદાત્મામાંથી આપણું શરીર સર્જ્યું છે. આપણી મર્ત્યતા આત્માની પ્રતિમા છે. એની રચનામાં મહત્તર ભુવનોએ સામગ્રી આપવાનું કાર્ય કર્યું છે. આની સ્મૃતિઓ આપણી જડ નિદ્રામાં દટાયેલી રહેલી છે. માનવ જીવનના વિકાસ પામતા જતા ભાગ્યવિધાનમાં અને અમૃતત્વ પ્રતિની એની પ્રતિયાત્રામાં એ પોતાનો ભાગ ભજવે છે. આપણી અંદર રહેલો અંતરંગ અંતર્યામી પ્રશાંત ભાવે એને અનુમતિ આપે છે, અને મહામહિમાવંતી પોતાની યોજનાને પાર પાડવા માટે નાનો શો આરંભ અપનાવી લે છે. વિશ્વનું જીવન એક શ્રમસાધ્ય પ્રયત્નરૂપ છે, અર્ધ-દોરાયેલું આલેખન છે. સમય આવતાં એનો આખો ઉદ્દેશ ઓચિંતાનો ઉઘાડો થઈ જશે, અને દિવ્ય કલાકારનો આનંદ મનની મંડૂકતાનો ઉપહાસ કરશે.

વિશ્વ એટલે અનેક મિલન પામતાં ભુવનોનું આલેખન. એ દેવોનો એક ઘન છે. એનામાં એકતાનો સ્ફાટિકવત્ સંયોગ સધાયો છે. અચેતન અવકાશશૂન્યમાં સચૈતન્ય વિરાટ અવસ્થિત થયેલો છે. દીર્ઘ કાળની પૃષ્ઠભૂ પર મનુષ્ય શાશ્વતતાનું સંક્ષિપ્ત રૂપ ધારી પ્રકટ થયો છે. એક નાનકડા બિન્દુએ આનંત્યોને પ્રકાશમાં આણ્યાં છે. વિશ્વ એક રહસ્યમયી અદ્ભુત પ્રક્રિયા છે. શૂન્ય અને સર્વરૂપ એક બની ગયાં છે. પ્રભુનાં વિરાટોમાં નિત્ય નિવસતો શિશુ પ્રાકૃત રૂપમાં પ્રાદુર્ભાવ પામ્યો છે.

એક ધીરો વિપર્યય આરંભાતાં અદૃશ્ય અગ્નિમાંથી વાયુનો ઉદ્ગાર થયો. એમાંથી નવ લખ તારા તગમગવા લાગ્યા. નવી જન્મેલી જગતીની જમીન ઉપર પ્રભુનાં પગલાં સંભળાયાં. પૃથ્વીના અજ્ઞાનના ગાઢા ધૂમમાંથી એક મન જોવા લાગ્યું, ને અજ્ઞાન રાત્રિમાં જ્ઞાન માટે ફંફોળવા લાગ્યું. પ્રકૃતિની પથ્થરની પકડમાં પકડાયેલી એક શક્તિ ગૂઢ યોજનાનુસાર કામે લાગી. જડતત્ત્વને એણે સચેતન બનાવવા માંડ્યું. શૂન્યમાંથી સર્વમયનો પ્રસવ થયો. સૃષ્ટિની આત્મા માટેની શોધ આરંભાઈ. ઘૂમરી લેતા વિશ્વમાં આત્માને સ્વપ્ન આવ્યું ને જીવનના રસમાં જાણવા માગતું મન વહેવા માંડ્યું. દિવ્ય વિચારને દ્રવ્યમયી માતાએ ધાવણ ધવડાવ્યું. અનંતતાએ સાન્ત ચૈત્યનું રૂપ લીધું. એક ભમતા બિન્દુમાં આખો સાગર સમાયો. કાલનિર્મિત દેહ અપરિમેયનો આવાસ બન્યો.

આ રહસ્યમયતાને જીવવા માટે આપણા આત્માઓ આ લોકમાં આવ્યા છે. આપણાં ક્ષણક્ષણનાં પગલાંની પૂઠળ એક સર્વદર્શી દ્રષ્ટા છુપાઈ રહ્યો છે. એણે આપણને જેમ અગાધ ગર્તમાં જન્મ અને જીવન લેવા પ્રેર્યા છે તેમ તે અગોચર શૃંગો પ્રત્યે પણ આપણને પ્રેરી રહ્યો છે. કાળના યાત્રી અશ્વપતિને એનો સાદ સુણાયો હતો. તેથી જ તે આખી સૃષ્ટિનો ભાર ઉપાડીને, પોતાના એકલ બલનું આલંબન લઈ યાત્રા કરી રહ્યો હતો. એક અશરીરી નિ:સ્પંદતા, એક અનામી જ્યોતિ એને બોલાવી રહી હતી. એને માથે ઊર્ધ્વમાં હતો અવિચલ પ્રકાશ, એની આસપાસ હતું સનાતન મૌન. એના ઉચ્ચ પ્રયાસે કોઈ અંતનો સ્વીકાર કર્યો નહોતો.

એની યાત્રા અખંડ ચાલતી હતી. માર્ગમાં એક પછી એક ભુવનોએ પોતપોતાની સાચવી રાખેલી શક્તિઓ એની આગળ ઉઘાડી કરી, સ્વર્ગ પછી સ્વર્ગે પોતાનાં પરમસુખો પ્રગટ કર્યાં. પરંતુ અદૃશ્ય અદ્‌ભુત ચુંબકે રાજાના આત્માને ઊંચે ને ઊંચે આકર્ષવાનું ચાલુ રાખ્યું. સઘળી સર્જાયેલી વસ્તુઓના અનાવૃત શિખરે કોઈ એક અગોચર લક્ષ્ય પ્રત્યે અશ્વપતિ આરોહતો રહ્યો.